## (1) પી. એમ. એફ.એમ.ઈ. (PM FME) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજનાનું પૂરુંનામ પી.એમ. ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસીંગ એન્ટરપ્રાઈઝીઝ છે.
(2) આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ કૃષિ મંત્રાલય દ્વારા આ યોજના લોંચ કરવામાં આવી છે.
(3) આ યોજના દ્વારા 9 લાખ રોજગારીનું સર્જન થઈ શકશે.
(4) યોજનામાં વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ (ODOP) એપ્રોચ અપનાવવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા પી.એમ. ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસીંગ એન્ટરપ્રાઈઝી (PM FME) યોજના લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ યોજના દ્વારા 35,000 કરોડ રૂપિયાના રોકારણનું તથા 9 લાખ રોજગારીનું સર્જન થઈ શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ યોજનામાં વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ (ODOP) એપ્રોચ અપનાવવામાં આવ્યો છે. જે તે વિસ્તારમાં વધુ પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવતી તથા ટૂંકા ગાળામાં વાપરવી પડતી ખાદ્ય વસ્તુઓ પર આ એપ્રોચ હેઠળ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ યોજનાનું અમલીકરણ 2020-21થી 2014-25 એમ 5 વર્ષ સુધી કરવામાં આવશે.

⇛ અસંગઠીત ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આ કારણે તેમની કામગીરી અને વૃદ્ધિ મર્યાદિત બની ગઈ છે. આ પડકારોમાં આધુનિક ટેક્નોલોજી અને ઉપકરણો, તાલિમ, સંસ્થાકિય ધિરાણ, પાયાની જાણકારીનો અભાવ, ઉત્પાદનોના ગુણવત્તા નિયંત્રણ અંગે જાગૃતિનો અભાવ, બ્રાન્ડીંગનો અભાવ તથા માર્કેટીંગ કૌશલ્ય વગેરેનો અભાવ નડી રહ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 'Covaxin' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રસીને માનવ પરીક્ષણ માટેની મંજૂરી મળી છે.
(2) આ મંજૂરી CDSCO નામની સંસ્થા દ્વારા આપવામાં આવી છે.
(3) ભારતની COVID-19 માટેની આ પ્રથમ રસી છે જેને આ મંજૂરી મળેલી છે.
(4) આ રસી ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવેલી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ CDSCO દ્વારા ભારત બાયોટેકને 'Covaxin'નું માનવ પરીક્ષણ કરવા માટેની મંજૂરી આપવામાં આવી છે. આમ, આ COVID-19 સમક્ષની ભારતની પ્રથમ રસી બની છે જેને આ મંજૂરી મળેલી હોય. (આથી, વિધાન (1), (2) અને (3) સાચાં છે.)
⇛ CDSCOનું પૂરુંનામ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન છે.
⇛ આ રસી ICMR સાથેના સહકારથી ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)
⇛ આ એક નિષ્ક્રીય પ્રકારની રસી છે.
⇛ રસીનું માનવ પરીક્ષણ ત્રણ તબક્કાઓમાં કરવામાં આવે છે.
⇛ પ્રથમ ફેઝ (તબક્કા)માં રસી માત્ર સ્વસ્થ યુવાન વ્યકિતના નાના સમૂહને આપવામાં આવે છે.
⇛ બીજા ફેઝમાં વ્યકિતનો સમૂહ મોટો બને છે તથા રસીની વિવિધ અસર તથા સલામતી ચેક કરવામાં આવે છે.
⇛ ત્રીજા ફેઝ પર રસીને લાયસન્સ આપવું કે નહીં તે નિર્ણય આધાર રાખે છે. આથી, આ તબક્કામાં દરેક પાસાંઓનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) 'REDD+' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Reducing Emissions from Deforestation and Forest Degradation છે.
(2) આ મિકેનીઝમનો વિકાસ UNFCCCના સભ્યો દ્વારા કરવામાં આવ્યો હતો.
(3) આ મિકેનીઝમ વન સંરક્ષણ દ્વારા આબોહવા પરિવર્તનની અસર ઘટાડવા ઈચ્છે છે.
(4) તાજેતરમાં સાઉથ આફ્રિકા દ્વારા REDD+ના પરિણામો, UNFCCCને સોંપવામાં આવ્યા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં REDD+ના પરિણામો UNFCCCને સોંપનાર યુગાન્ડા પ્રથમ આફ્રિકન રાષ્ટ્ર બન્યું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ REDD+નું પૂરુંનામ Reducing Emissions from Deforestation and forest Degradation છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ UNFCCCનું પૂરુંનામ યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ છે.

⇛ વર્ષ 2005માં UNFCCCના સભ્યો દ્વારા REDD+ મિકેનીઝમ બનાવવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનું લક્ષ્ય વન સંરક્ષણને પ્રોત્સાહન આપીને અબોહવા પરિવર્તનની અસર ઘટાડવાનું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ મિકેનીઝમના 3 તબક્કા છે. (i) તૈયારી (ii) અમલીકરણ અને (iii) પરિણામ આધારિત ક્રિયાઓ અથવા પરિણામ આધારિત પેમેન્ટ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ઝીલેન્ડીઆ (Zealandia) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) વૈજ્ઞાનિકો દ્વારા તેને આઠમો ખંડ કહેવામાં આવે છે.

(2) આ ખંડની 60% જમીન પાણીની નીચે છે.

(3) ખંડના પાણીની ઉપર રહેલાં ભાગમાં ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા અને ઈન્ડોનેશિયાના કેટલાંક ભાગોનો સમાવેશ થાય છે.

(4) તેનું નિર્માણ ગોંડવાના ભૂ–ભાગમાંથી થયેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ન્યુઝીલેન્ડના સંશોધકોએ જણાવ્યું છે કે તેમણે ઝીલેન્ડીઆ ખંડનું મેપીંગ જીણવટભરી રીતે પૂર્ણ કર્યું છે.

⇛ વૈજ્ઞાનિકો દ્વારા પૃથ્વી પર એક આઠમા ખંડના અસ્તિત્વની વાતને સ્વીકારવામાં આવી હતી. આ ખંડ ઝીલેન્ડીઆ છે જે ન્યુઝીલેન્ડની નીચેના ભાગના સમુદ્રમાં ફેલાયેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ખંડનો વિસ્તાર આશરે 2 મિલિયન ચોરસ માઈલ છે. જે પૈકી 94% ભાગ સમુદ્રની નીચે આવેલો છે. આથી, તેનું મેપીંગ ખૂબ જ પડકારજનક છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ખંડ ઓસ્ટ્રેલીયા કરતાં અડધો વિસ્તાર ધરાવે છે.

⇛ આ ખંડનો જે ભાગ સમુદ્ર સપાટીથી ઉપર છે તેમાં ન્યુઝીલેન્ડના ઉત્તર અને દક્ષિણ ટાપુઓ તથા ન્યુ કેલ્સેડોનીયા ટાપુ આવેલો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ 30 થી 50 મિલિયન વર્ષ પૂર્વ ઝીલેન્ડીઆ ગોંડવાના ભૂ–ભાગમાંથી છૂટા પડયા પછી લહેરોની નીચે દબાયો હતો. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) ગંગોત્રી રાષ્ટ્રીય ઉદ્યાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ઉદ્યાન ઉત્તરાખંડમાં આવેલું છે.
(2) ગંગા નદીના ઉદ્દભવ માટે જવાબદાર ગંગોત્રી ગ્લેશિયર આ ઉદ્યાનમાં આવેલું છે.
(3) અહીં, શંકુદ્રુપ (કોનીફેરસ) પ્રકારના જંગલો આવેલા છે.
(4) અહીં, વિશિષ્ટ વધુ–ઊંચાઈની (હાઈ–અલ્ટીટયુડ)ની ઈકોસિસ્ટમ જોવા મળે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઉત્તરાખંડ રાજ્ય દ્વારા ગંગોત્રી રાષ્ટ્રીય ઉદ્યાનની જમીનને સેનાના રોડ બનાવવાના કાર્ય માટે ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ રોડ ચીનની સરહદ નજીક બનાવવામાં આવશે.

⇛ ગંગોત્રી રાષ્ટ્રીય ઉદ્યાન ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં આવેલું છે તથા ભાગીરથી નદીનો ઉપરનો ભાગ પણ અહીં છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ગંગા નદીનો ઉદ્દભવ ગૌમુખમાંથી થાય છે. આ ગૌમુખ ગંગોત્રી ગ્લેશિયરમાં આવેલું છે જે આ ઉદ્યાનમાં જ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અહીં, વિશિષ્ટ પ્રકારની વધુ ઊંચાઈ ધરાવતી ઈકોસિસ્ટમ જોવા મળે છે. આ ઈકોસિસ્ટમ પર ટ્રાંસ–હિમાલયના ભૌતિક તથા જૈવિક ગુણધર્મોની અસર જોવા મળે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અહીં, શંકુદ્રુપ જંગલો, અલ્પાઈન પ્રકારના ઘાસના મેદાનો તથા ગ્લેશિયર પ્રકારના વિસ્તારો જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અહીં જોવા મળતાં મુખ્ય વૃક્ષો : દેવદાર, ફિર, સ્પ્રુસ, ઓક વગેરે.

⇛ અહીં જોવા મળતાં મુખ્ય પ્રાણીઓ : સ્નો લેપર્ડ, એશિયાઈ કાળું રીંછ, કસ્તુરી હરણ, બ્લુ ઘેટું વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT